# અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ

ડૉ. ગિરીશકુમાર પી. રાવલ
એસોસિએટ પ્રોફેસર અને પ્રિન્સીપાલ-ઇન-ચાર્જ,
બી. ડી. શાહ કોલેજ ઑફ એજ્યુકેશન
કોલેજ કેમ્પસ, મોડાસા, જિ.સાબરકાંઠા
(ગુજરાત).

**સારાંશ :**
વર્ગખંડમાં શિક્ષણ લેતા દરેક વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે. આ ઉપરાંત દરેક વિદ્યાર્થીઓની શીખવવાની બાબતમાં અલગપણું હોય છે. મુખ્યત્વે આ જુદાપણું વિદ્યાર્થીઓની બુદ્ધિને કારણે હોય એવા અભ્યાસો દ્વારા પૂરવાર થયું છે.બુદ્ધિ અભિયોગ્યતા અને સર્જનાત્મક્તા સાથે સંબંધિત શક્તિઓ શૈક્ષણિક સિદ્ધિમાટે અગત્યની છે. એક જ વર્ગખંડમાં, એક જ શિક્ષક દ્વારા, એક જ પ્રકારના વિષયવસ્તુનું અધ્યાપન કરાવતા હોવા છતાં શૈક્ષણિક સિદ્ધિની બાબતમાં વિદ્યાર્થીઓમાં વૈવિધ્ય અસ્તિત્વ ધરાવે છે. આ વૈવિધ્યને સ્વીકારીને શિક્ષકે વર્ગખંડમાં અધ્યાપન -યોજના તૈયાર કરવી જોઈએ. આ અધ્યાપન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી જાણીને તેઓને તે પ્રમાણે વર્ગખંડમાં શીખવવાનો પ્રયત્ન થાય તો વિદ્યાર્થીઓ વધુ સારી રીતે ગ્રહણ કરી શકે છે અને પોતાની શૈક્ષણિક સિદ્ધિ વધારે ઊંચી લાવી શકે છે.

---

**પારિભાષિક શબ્દો :** અધ્યયન શૈલી ,શૈક્ષણિક સિદ્ધિ

---

## ૧. પ્રસ્તાવના
વર્ગખંડમાં શિક્ષણ લેતા દરેક વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે. આ વ્યક્તિગત ભિન્નતાના ક્ષેત્રોમાં શારીરિક વિકાસ, માનસિક વિકાસ, સામાજિક વિકાસ, ભાષા વિકાસ, બુદ્ધિ અભિયોગ્યતા, રસ, વલણ, શૈક્ષણિક સિદ્ધિનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દરેક વિદ્યાર્થીઓની શીખવવાની બાબતમાં અલગપણું હોય છે. મુખ્યત્વે આ જુદાપણું વિદ્યાર્થીઓની બુદ્ધિને કારણે હોય એવા અભ્યાસો દ્વારા પૂરવાર થયું છે. સંશોધકો દ્વારા વિદ્યાર્થીઓનાં વિવિધ લક્ષણો આધારિત અભ્યાસો પણ હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસ વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી તપાસી તેની શૈક્ષણિક સિદ્ધિ પર શું અસર છે. તેના પર ધ્યાનકેન્દ્રિત કરવામાં આવેલ છે.સંશોધન કેન્દ્રવર્તી રૂપ પ્રસ્તુત સારાંશનું મહત્ત્વ અનેક ગણું છે. કોઈ પણ સંશોધન પ્રક્રિયાનું શૈક્ષણિક મૂલ્ય કેટલું છે તેની જાણકારી પ્રસ્તુત સારાંશમાંથી વ્યાપક રીતે પ્રાપ્ત કરી શકાય છે.

## ૨. સમસ્યાકથન
પ્રસ્તુત સંશોધન અભ્યાસની સમસ્યાને આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.
**'અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ'**

## ૩. અભ્યાસના હેતુઓ
પ્રસ્તુત સંશોધન અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

૧.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી જાણવી.
૨.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીના તફાવતનો અભ્યાસ કરવો.
૩.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના કુમારો અને કન્યાઓની અધ્યયન શૈલી વચ્ચેના તફાવતનો અભ્યાસ કરવો.
૪.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના શહેરી અને ગ્રામ્ય શાળાઓની અધ્યયન શૈલી વચ્ચેનો તફાવતના અભ્યાસ કરવો.
૫.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા કુમારોની અધ્યયન શૈલીના તફાવતનો અભ્યાસ કરવો.

૬.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી કન્યાઓની અધ્યયન શૈલીના તફાવતનો અભ્યાસ કરવો.
૭.ગુજરાતી માધ્યમના અગિયારના ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા શહેરી શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીના તફાવતનો અભ્યાસ કરવો.
૮.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીના તફાવતનો અભ્યાસ કરવો.

**૪. અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધન સભ્યાસમાં હેતુઓના સંદર્ભમાં પ્રશ્નો રચવામાં આવ્યા હતાં. જે નીચે પ્રમાણે છે.
૧.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી કઈ છે ?
૨.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી વચ્ચે શું તફાવત છે ?
૩.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના કુમારો અને કન્યાઓની અધ્યયન શૈલી વચ્ચે શું તફાવતછે ?
૪.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના શહેરી અને ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી વચ્ચે શું તફાવત છે ?
૫.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા કુમારોની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ?
૬.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી કન્યાઓની અધ્યયનશૈલીમાં શું તફાવત છે ?
૭.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા શહેરી શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ?
૮.ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ?

**૫ .સંશોધન ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનમાં અધ્યયન શૈલીને એક ગુણ તરીકે લઈએ તો વિદ્યાર્થીની અધ્યયન શૈલી કઈ છે તેનું માપન અને મૂલ્યાંકન કઈ રીતે થાય તે જાણવાનો પ્રયત્ન રહ્યો છે. તેથી પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર "શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન"નું છે તેમ કહી શકાય છે. ઉપરાંત અહીં અધ્યયન શૈલીને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ હોવાથી સંશોધનનું ક્ષેત્ર "સિદ્ધિ સાથે સંબંધિત ચલો" ને પણ સ્પર્શે છે તદ્ઉપરાંત અધ્યયન શૈલી એ વિદ્યાર્થીના વર્તનનો અભ્યાસ પણ કરે છે તેથી આ દ્દષ્ટિએ આ અભ્યાસ સંશોધન ક્ષેત્ર "શૈક્ષણિક મનોવિજ્ઞાન" ને પણ સ્પર્શે છે.

**૬. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરી નમૂનાના પાત્રો પાસેથી જરૂરી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**૭. સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન દ્વારા પ્રાપ્ત માહિતીના સંદર્ભમાં માહિતી અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતુ તેથી સંશોધનનો પ્રકાર સંખ્યાત્મક હતો.પ્રસ્તુત સંશોધનમા અભ્યાસનો હેતુ અગિયારમાં ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી જાણવાનો હતો તેથી હેતુની દ્દષ્ટ્રિએ પ્રસ્તુત સંશોધન અભ્યાસ વ્યાવહારિક હતો.

**૮. અભ્યાસની અગત્ય**

પ્રસ્તુત સંશોધનની અગત્ય આ મુજબ છે.

**૮.૧ વિદ્યાર્થીઓ માટે**

- વિદ્યાર્થીઓ કઈ અધ્યયન શૈલીથી શીખે છે તેનો તેમને ખ્યાલ આવશે અને અધ્યયન શૈલી અનુરૂપ અભ્યાસ તેમને ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે. પોતાની અધ્યયન શૈલીમાં જરૂરિયાત જણાય તો ફેરફાર કરી શકે છે.
- વ્યુહાત્મક અધ્યેતાઓ બનવા માટે પોતાની અધ્યયન શૈલી જાણવી જરૂરી છે.

### ૮.૨ શિક્ષકો માટે
- શિક્ષકો વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી માપન ઉપકરણથી પરિચિત કરશે.
- વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી કઈ છે તે જાણી તેમને કઈ અસરકારક અધ્યાપન પદ્ધતિથી શીખવવું તેનો તેમને ખ્યાલ આવશે.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી લાવવા માટે માર્ગદર્શન પૂરું પાડી શકશે.

### ૮.૩ વાલીઓ માટે
- પોતાના બાળકોની પ્રગતિ સાચી દિશામાં થાય તે માટે તેમને પ્રોત્સાહન પૂરું પાડી શકશે.

### ૮.૪ શાળાઓ માટે
- વિદ્યાર્થીઓની સિદ્ધિ ઊંચી લાવવા માટે તેમની અધ્યયન શૈલી અનુસાર વિદ્યાર્થી,શિક્ષકો, વાલીઓને માર્ગદર્શન પુરું પાડી શકશે અને પોતાની શાળાનું પરિણામ ઊંચું લાવી શકશે.

### ૮.૫ ભાવિ સંશોધકો માટે
- ભાવિ સંશોધકોને અધ્યયન શૈલીને લગતા સંશોધન કરવા માટે મદદરૂપ બની શકશે.

## ૯. અભ્યાસની મર્યાદાઓ
પ્રસ્તુત સંશોધનની કેટલીક મર્યાદાઓ સ્વીકારવામાં આવી હતી. જે આ પ્રમાણે હતી.
૧ પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં અધ્યયન શૈલી માપન ઉપકરણ તરીકે ફેલ્ડર અને સોલોમેન (૧૯૯૮) રચિત અને એસ.પી.વૈદ્ય (૨૦૦૭) કૃત ગુજરાતી અનુવાદનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અનુવાદની વિશ્વસનીયતા તપાસવામાં આવી હતી. પરંતુ તેની પ્રમાણભૂતતા સ્વીકારવામાં આવી હતી.
૨ પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વ્યાપવિશ્વમાંથી પસંદ કરેલ નમૂનાઓનો વ્યાપ મર્યાદિત હતો.

## ૧૦. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો
પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં નીચેના ચલોને સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.
(૧) શૈક્ષણિક સિદ્ધિ (સ્વતંત્ર ચલ): કક્ષાઓ :- ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન
(૨) જાતિયતા (સ્વતંત્ર ચલ): કક્ષાઓ :- કુમાર અને કન્યા
(૩) શાળાનો વિસ્તાર (સ્વતંત્ર ચલ): કક્ષાઓ :- શહેરી શાળા અને ગ્રામ્ય શાળા
(૪) અધ્યયન શૈલી (પરતંત્ર ચલ),
(૫) શિક્ષણનું માધ્યમ (અંકુશિત ચલ)
(૬) અભ્યાસ શ્રેણી (અંકુશિત ચલ)

## ૧૧.સંશોધન યોજના
### ૧૧.૧. વ્યાપવિશ્વ અને નિદર્શ
પ્રસ્તુત સંશોધન અભ્યાસનું વ્યાપવિશ્વ સુરત જિલ્લાની ગુજરાતી માધ્યમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ ના અગિયારમા ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું બનેલું હતું.પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રયોજકે અસંભાવ્ય નમૂના પસંદગી પદ્ધતિની પેટા રીત આનુષાંગિક નમૂના પસંદગી પદ્ધતિથી સુરત શહેરી વિસ્તારની ત્રણ અને ગ્રામ્ય વિસ્તારની ત્રણ શાળામાંથી ૧૬૩ કુમારો અને ૧૩૭ કન્યાઓ એમ કુલ ૩૦૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

### ૧૧.૨ ઉપકરણ
પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં અધ્યયન શૈલીના માપન માટે ફેલ્ડર અને સોલોમેન (૧૯૯૮) અધ્યયન શૈલી સંશોધનિકાને એસ.પી. વૈદ્ય (૨૦૦૭) કૃત ગુજરાતી અનુવાદનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૧૧.૩ માહિતીનું એકત્રીકરણ
નમૂનાના પાત્રોને અધ્યયન શૈલી સંશોધનિકા આપી તેના પરના અભિપ્રાયો,નામ, ધોરણ-૧૦માં મેળવેલા ગુણાંક (શતમાન), શાળાની વિગત જેવી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**૧૧.૪ માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસના હેતુઓને અનુરૂપ મળેલી માહિતીનું પૃથક્કરણ કરવા માટે સરાસરી, પ્રમાણવિચલન, ટી-કસોટી, એફ-કસોટી, જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૧૨. અભ્યાસનાં તારણો**

પ્રસ્તુત સંશોધન અભ્યાસને અંતે પ્રયોજકે અભ્યાસના પ્રશ્નોના સંદર્ભમાં તારણો તારવ્યાં હતાં. જે આ પ્રમાણે છે.

(૧) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી કઈ છે ?ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી ચિન્તનાત્મક,સંવેદી, દ્રશ્ય અને ક્રમિક છે તેમાં પણ ક્રમિક અધ્યયન શૈલી વિદ્યાર્થીઓ વધુ પસંદ કરે છે. (૨) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ? ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં અર્થસૂચક તફાવત જોવા મળતો નથી. (૩) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના કુમારો અને કન્યાઓની અધ્યયન શૈલીમા શું તફાવત છે ?ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના કુમારો અને કન્યાઓની અધ્યયન શૈલીમાં અર્થસૂચક તફાવત જોવા મળતો નથી.(૪) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના શહેરી અને ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી વચ્ચે શું તફાવત છે ? ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના શહેરી અને ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં અર્થસૂચક તફાવત જોવા મળતો નથી.(૫) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા કુમારોની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ? ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા કુમારોની અધ્યયન શૈલીમાં અર્થસૂચક તફાવત જોવા મળતો નથી.(૬) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી કન્યાઓની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ? ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી કન્યાઓની અધ્યયન શૈલીમાં અર્થસૂચક તફાવત જોવા મળતો નથી. (૭) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા શહેરી શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ? ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના શહેરી શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીઓ વચ્ચે પણ અર્થસૂચક તફાવત જોવા મળતો નથી. (૮) ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ભિન્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીમાં શું તફાવત છે ? ગુજરાતી માધ્યમના અગિયારમા ધોરણના ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીઓ વચ્ચે પણ અર્થસૂચક તફાવત જોવા મળતો નથી.

આમ, ઉપરોક્ત સંશોધન અભ્યાસના જુદાં-જુદાં પ્રશ્નોને અંતે આ સંશોધનનો મુખ્ય પ્રશ્ન "અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે શું સંબંધ છે ?" નો ઉત્તર ઉપરોક્ત સંશોધન અભ્યાસના તારણોને અંતે આપી શકાય કે અધ્યયન શૈલી અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સંબંધ જોવા મળતો નથી. પરંતુ અધ્યેતા પોતાની અધ્યયન શૈલી ઓળખી તે મુજબ અભ્યાસ કરે તો પોતાની શૈક્ષણિક સિદ્ધિ અવશ્ય ઊંચી લાવી શકે છે.

**૧૩. ઉપસંહાર**

આ સમગ્ર સંશોધન કાર્યનો અહીં સારાંશ રજૂ કરવામાં આવ્યો છે. તેમજ શિક્ષણક્ષેત્રમાં ઉપયોગી તેવા અભ્યાસનાં તારણો, શૈક્ષણિક ફલિતાર્થો તથા અભ્યાસ કરવાથી પ્રાપ્ત થતી નીપજો અને ભાવિ સંશોધનો અંગેની ભલામણોની સ્પષ્ટ અને સચોટ વિગતો દર્શાવવામાં આવી છે. પ્રસ્તુત સંશોધનમાં અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી અને શૈક્ષણિકસિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણી શકાયા હતા. આમ આવા સંશોધનો કરી શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન આપી શકાય છે.

**સંદર્ભસૂચિ**

૧. અંબાસણા, એ.ડી. (૨૦૦૪). 'અધ્યયન શૈલી અને અભ્યાસ ટેવ', શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૨. ઉચાટ, ડી.એ. (૧૯૯૭). 'સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો',શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૩. દંતાલિયા, એસ.બી. (૨૦૦૫). 'વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરનો અભ્યાસ', એમ.એડ. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૪. વૈદ્ય, એસ.પી. (૨૦૦૭). 'ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી',એમ.એડ્. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૫. સિંહ, એન.કે. (૨૦૦૬). 'માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી પર તેમની સંવેગાત્મક બુદ્ધિની અસરનો અભ્યાસ', પ્રકાશિત સંશોધન પત્ર, પરિપ્રેક્ષ્ય,રાષ્ટ્રીય શૈક્ષણિક યોજના અને પ્રશાસન સંસ્થા (નીપા), ન્યુ દિલ્લી.

૬. Minikutty A. and Regitha C.R. (2006). Learning styles and Academic Achievement of Secondary School Student, Pedagogics : Journal of School of Pedagogical Sciences, Kottayam (Kerala).

૭. Panday A.N. (2001). Learning style of the English Medium secondary school students of Rajkot City, Unpublished M.Ed. Dissertation, Saurashtra University, Rajkot.

૮. Student Learning Style. wikipedia.org

10.Felder, R.M. and Soloman, B.A. (1998). Student Learning Style: http://www.crcmsg.org/ils/index.html.